**રે.દિ.મુ.નં.૧૪/૨૦૨૩**

**આંક–૫ લગત હુકમ**

**૧.** વાદીની આંક–૫ની મનાઇઅરજી તથા પ્રતિવાદી નં.૧ તરફે આંક–૦૮ તથા પ્રતિવાદી નં.૩ તરફે આંક–૧૪ થી રજુ થયેલ વાદીની આંક–૫ ની મનાઇ અરજીનો જવાબ વંચાણે લીધા. પક્ષકારોના વિ.વ.શ્રીઓને સાંભળ્યા. વાદી તથા પ્રતિવાદી તરફે દલીલો સાંભળી.

**૨.** વાદીની આંક–૫ની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી અને પ્રતિવાદી નં.૧,૨ નાઓ મૈયત કેશવભાઇ અમાઇદાસ પટેલના સીધીલીટીના વારસો હતા અને છે. મરહુમ કેઘશવભાઇ અમાઇદાસ પટેલ શિક્ષક તરીકે નોકરી કરતા હતા. તેઓની સ્થાવર જંગમ મિલકતમાં વાદીનો વારસદાર તરીકેનો હક્ક,હિસ્સો, હિત સમાયેલ છે. જે હક્કો ડુબાડી દેવાના આશયથી પ્રતિ.નં.૧નાએ કેશવભાઇ અમાઇદાસ પટેલ અને સોમીબેન કેશવભાઇ પટેલનાઓ પાસેથી સંયુક્ત રીતે તેમની મરજી અને ઇચ્છા વિરુદ્ઘ વીલનામુ, વીલ જેવા પ્રકારનું લખાણ કરી કરાવીને મરહુમની સ્થાવર અને જંગમ મિલકત પ્રતિ.નં.૧ નાઓના નામે કરાવી લેવાની કોશિશ અને પેરવી એવા તારીખ વિનાના લખાણથી રજુ કરેલ છે. વળી સદર કહેવાતા વીલનામામાં બેંકની રકમ પ્રતિ.નં.૧નાઓને મળે તેવો કોઇપણ ઉલ્લેખ ન કરેલો હોવા છતા માત્ર પ્રતિ નં.૧ નાઓનું નામ નોમીની તરીકે ચાલી આવેલ હોવાના નાતે સોમીબેનના તા.૦૮/૦૩/૨૦૨૩ ના રોજના મરણ બાદ પ્રતિ નં.૩ ની શાખામાંનું એકાઉન્ટ બંધ કરીને તેવા ખાતામાંથી સઘળી રકમની ફિક્સ ડીપોઝીટ પ્રતિ.નં.૧ ના નામે કે તેમના પરિવારના અલગ અલગ સભ્યોના નામે કરાવીને વાદીના હક્કો ડુબાડી દીધા છે.

વાદી મર્હુમ કેશવભાઇ અમાઇદાસ પટેલ અન્ સોમીબેન કેશવભાઇ પટેલના સીધીલીટીના વારસ પુત્ર છે. જેમની મિલકતમાંથી હક્ક હિસ્સો ભાગ લાગ મેળવવા વાદી કાયદેસર રીતે હકદાર છે. વાદીનો પ્રથમદર્શનીય કેસ છે. સગવડ અગવડની સમતુલા વાદીની તરફેણમાં છે. અને બેલેન્સ ઓફ કન્વીનિયન્સ વાદીની તરફેણમાં છે. અરજ મુજબનો કામચલાઉ મનાઇ હુકમ આપવામાં ન આવે તો પરતિ.નં.૧ નાઓ નાણા અને મિલકત રફેદફે કરી નાંખે તો મલ્ટીપ્લીકેશન ઓફ પ્રોસિડિંગ્સ થાય તે હકીકતમાં કામચલાઉ મનાઇ હુકમ અપાવવા રજુઆત કરેલ છે.

હાલની કામચલાઉ મનાઇઅરજી કરીને વાદીએ દાવાનો આખરી નિર્ણય થતાં સુધી પ્રતિ.નં.૧ નાઓને કહેવાત વિલના આધારે મળેલ મિલકત અન્ય કોઇપણ ઇસમને વેચાણ, તબદીલ, ટ્રાન્સફર ગીરો બક્ષીસ કરે કરાવે નહી કે નામફેર મતલબના લખાણથી ત્રાહિત વ્યક્તિનું હિત ઉત્પન્ન કરે કરાવે નહી તેવો વાદીના લાભમાં અને પ્રતિ. નં.૧ ના વિરુધ્ધ દરમ્યાન મનાઇહુકમ ફરમાવવા, દાવાનો આખરી નિર્ણય થતાં સુધી પ્રતિ.નં.૧ અને અથવા પ્રતિ.નં.૧ ના પરિવારના સભ્યોના નામે બનેલ ફીક્સ ડીપાઝીટની રકમ પાકતી તારીખે કે પાકતી તારીખ પહેલા પ્રતિ.નં.૩ નાઓ પ્રતિ.નં.૧ નાઓને કે જેના નામે ફીક્સ્ ડીપોઝીટ છે તે ઇસમને ચુકવણુ કરે કરાવે નહી તેવો વાદીના લાભમાં અને પ્રતિ.નં.૩ વિરુધ્ધ કામચલાઉ મનાઇ હુકમ ફરમાવવાની દાદ માંગેલ છે.

વાદી પોતાની હાલની અરજીના સમર્થનમાં નિ.૩/૧ તથા નિ.૩/૭ સુધીના દસ્તાવેજો રજુ કરેલ છે.

**૩.** ત્યારબાદ સદર કામે પ્રતિવાદી નં.૧ નાઓ તરફે આંક–૦૮ થી લેખિત જવાબ રજુ કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે વાદીની દાવાઅરજી તથા મનાઇઅરજીની હકીકતોનો ઇન્કાર કરવામાં આવેલ છે. સદર દાવાવાળી મિલકતો લલ્લુભાઇ અમ્ઇદાસના વારસો છીતુભાઇ લલ્લુભાઇ, મગનભાઇ લલ્લુભાઇ, મોહનભાઇ લલ્લુભાઇ તેમજ જગુભાઇ અમાઇદાસના વારસો છોટુભાઇ જગુભાઇ, મણીબેન જગુભાઇ, બાલુભાઇ જગુભાઇ અને સુરેશભાઇ જગુભાઇનાઓના નામ રેવન્યુ દફતરે છે. તેઓ આ દાવામાં જરૂરી પક્ષકાર છે પરંતુ તેઓને પક્ષકાર તરીકે જોડેલ નથી. મોજે ગોલણના બ્લોક નં.૫૯૦ પૈકી ૧ વાળી મિલકત વાદીના પિતા તથા કાકાએ સંયુક્ત રીતે રજીસ્ટર દસ્તાવેજથી ખરીદ કરેલ છે. સદર જમીન પૈકી કઇ દિશાની જમીન કોના હિસ્સામાં આવેલ તેની વિગત જણાવેલ નથી. વાદી પોતે પિતાની હયાતિમાં પિતાથી સ્વેચ્છાએ જુદા થયેલા અને તે પ્રમાણે જુદા થતાં તેને એક ગાળા મકાનની જમીન અને અકે વિઘા જમીન લઇને તેઓ જુદા થયેલ. અને જ્યારે પ્રતિ.નં.૧ માતાપિતાના નામે ચાલતા મકાનમાં ભેગા રહેતા હતા. ત્યારબાદ પ્રતિ.નં.૧.નું કુટુંબ મોટુ થતાં પિતાના મકાનની બાજુમાં બીજુ મકાન બાંધેલ. વાદી પોતે એક વિઘા જમીન લઇને જુદા થઇ ગયેલા અને બાકીની બે વિઘા રહેલ તે પૈકી ૧ વિઘા જમીન પ્રતિ.નં.૧ ખેડતા હતા અને ૧ વિઘા જમીન રસ્તા તરફની પડતર રહેલ તેમાં વાદી પ્રતિવાદીનું

બે ગાળા મકાન આવેલ. ત્યારબાદ વાદીએ તેની ઉત્તર બાજુ એક ગાળાનું ઘર બનાવેલ. પ્રતિ.નં.૧ ના કુટુંબના સભ્યો વધતા મુળ મકાનની દક્ષીણ દિશામાં એક ગાળાનુ મકાન બનાવેલ તે અને તે રીતે મુળ બે ગાળાના મકાન તથા નવુ બનાવેલ મકાનને લાગુ વાડાની જમીનનો કબજો પ્રતિ.નં.૧ પાસે પિતાના એકત્રકુટુંબનો રહેલ. વાદીએ જે વિલનામુ જણાવેલ છે તે હકીકતમાં વહેચણ સ્વરૂપનું લખાયેલ છે. તેમજ પિતાની હયાતિમાં પ્રતિ.નં.૧ નુ નામ એફ.ડી.માં ચાલી આવેલ અને તેઓના અવસાન બાદ માતા સાથે નામ ચાલી આવેલ. અબે બહેનના નામે પણ અલ્ગ એફ.ડી. કરી આપેલ છે. વાદીએ જે દાદ માંગેલ છે તે મળી શકે તેમ નથી. સ્પેશિફીક રીલીફ એક્ટની કલમ—૪૧ ધ્યાને લેતા વાદીને ઓલ્ટરનેટીવ રીલીફ મળતી હોય તો દરમ્યાન મનાઇ આપી શકાય નહી. સદર કામે વાદી જે વીલ જેવુ લખાણ પોતાના દાવાઅરજી તથા મનાઇઅરજીમાં જણાવેલ છે તે સંપુર્ણ વાંચતા પ્રતિવાદી નં.૧ ના માતાપિતાએ આ લખાણથી ભાઇઓ વચ્ચે મિલકત વહેચણ કરી આપેલ છે અને તે જ દિવસે કબજા પણ સુપરત કરી આપેલ છે. અને તે લખાણ ઉપર માત્ર વીલ લખવાથી વીલ થતુ નથી પરંતુ પિતાએ તેમની સ્વતંત્ર મિલકત તેમની હયાતિમાં તેમના વારસોને વહેચણી કરી આપેલ એટલે કે કૌટુંબિક વહેચણ કરી આપેલ છે. આમ, વાદીનો પ્રથમદર્શનીય કેસ નથી અને વાદી માંગે છે તેવી દરમ્યાન મનાઇ વૈકલ્પિક રેમેડી મળતી હોય ત્યરે વાદી જે દરમ્યાન મનાઇ માંગે છે તેવી દાદ મળી શકતી નથી. આથી વાદીની હાલની મનાઇઅરજી રદ કરવા રજુઆત કરેલ છે.

**૪.** પ્રતિવાદીને દાવાઅરજી તથા મનાઇઅરજીના સમન્સ ધોરણસર બજી જતા, પ્રતિવાદી નં.૩ નાઓએ તેઓના વિ.વ.શ્રી મારફતે હાજર થઇ આંક—૧૪ થી વાદીની દાવાઅરજી તથા મનાઇઅરજી વિરુદ્દઘ પોતાનો લેખિત જવાબ રજુ કરેલ છે. સદર રજુ થયેલ લેખિત જવાબ ની ટુંકમાં હકીકત જોવામાં આવે તો મુખ્યત્વે પ્રતિવાદીએ વાદીની મનાઇઅરજીની તમામ હકીકતોનો ઇન્કાર કરેલ છે. સદર દાવો વાદી તથા પ્રતિવાદી નં.૧ તથા ૨ વચ્ચે પારિવારિક મિલકતને જમીનની તથા તેઓના મરહુમ માતાપિતાના બેન્કના ખાતાઓમાં વ્યાજ સહિત જમા પડેલી કુલે રકમ તથા ફિક્સ ડીપોઝીટ રકમની સમાંતર વહેચણી બાબત હોય પ્રતિવાદી નં.૩ નો કોઇ સંબંધ આ દાવાઅરજ સાથે નથી. પ્રતિવાદી નં.૩ બેન્ક ઓફ બરોડા બુહારી શાખા મેનેજર તરીકે ફરજના ભાગરૂપ આ દાવાના કામે પક્ષકાર યાને કે પ્રતિવાદી નં.૩ તરીકે જોડેલ છે.

પ્રતિવાદી નં.૩ રાષ્ટ્રીયકૃત બેંક છે. પ્રતિવાદી નં.૩ ની શાખામાં મરહુમ કેશવભાઇ અમાઇદાસ પટેલ અને સોમીબેન કેશવભાઇ પટેલના ચાલુ સેવિંગ્સ ખાતા, કરંટ ખાતા અને ચેક સિસ્ટમ ખાતા પૈકીના જે ખાતાઓ પ્રતિવાદી નં.૩ નાઓની બેંકમાં છે. જે ખાતાઓની વિગત દાવાના જવાબ સાથે રજુ કરેલ છે. મરહુમના ખાતામાની રકમ અંગેની બાબત વિશે પ્રતિવાદી નં.૩ નાઓએ જે કામગીરી છે તે ફરજના ભાગ રૂપે બજાવેલ છે. સદર કામગીરી રીઝર્વ બેંક ઓફ ઇન્ડીયાના રૂલ્સ, રેગ્યુલેશન, ગાઇડલાઇન્સ તેમજ બી.ઓ.બી. દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતા સરક્યુલર મુજબ કરવામાં આવેલ છે. વાદીએ હાલની અરજીમાં માંગેલ દાદ મેળવવા વાદી હક્કદાર નથી. આથી વાદીની દરમ્યાન મનાઇઅરજી ખર્ચ સહિત રદ કરવા રજુઆત કરેલ છે.

**૫.** ત્યારબાદ વાદી તરફે આંક–૦૯ થી કાઉન્ટર એફીડેવિટ રજુ કરેલ જેમાં પ્રતિવાદીના જવાબની હકિકતોનો ઇન્કાર કરતી હકીકત જણાવેલ છે.

**૬.** આ કામે વાદીની આંક–૦૫ વાળી મનાઇઅરજી, પ્રતિવાદી નં.૧ તરફે આંક–૦૮ તથા પ્રતિવાદી નં.૩ તરફે આંક–૧૪ થી રજુ થયેલ લેખિત જવાબની હકીકતો તથા બંન્ને પક્ષકારો તરફે રજુ થયેલ લેખિત તથા મૌખિક દલીલ ધ્યાને લેતા આ અરજીના ન્યાયિક નિર્ણય માટે નીચેના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દા**

૧. શું વાદી પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરે છે ?
૨. શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે ?
૩. શું વાદીને માંગ્યા મુજબ મનાઇ નહી આપવામાં આવે તો તેને નાણાથી ભરપાઇ નાથઇ શકે તેવુ નુકસાન થાય તેમ છે ?
૪. શું હુકમ ?

**૭.** ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

**નિર્ણયો**

૧. નકારમાં
૨. નકારમાં
૩. નકારમાં
૪. છેવટના હુકમ મુજબ

## <u>કારણો</u>

૮. મુદ્દા નં.૧:૨:૩:– સિવિલ પ્રોસીઝર કોડના આદેશ ૩૯ નિયમ ૧–૨ મુજબ કામચલાઉ મનાઇહુકમ માટેની અરજીના નિકાલ માટે પ્રથમદર્શનીય કેસની ચર્ચા કરવાની હોય ત્યારે કોર્ટે બંન્ને પક્ષે રજુ થયેલ દસ્તાવેજ ઉપરથી દાવાનો કોઇ તકરારી મુદ્દો સમાયેલો છે કે કેમ ? તે નક્કી કરવાનું હોય છે તથા કયો પક્ષ તે મુદ્દો પોતાની તરફેણમાં છે તેમ પ્રથમદર્શનીય રીતે દર્શાવે છે કે કેમ ? તે નક્કી કરવાનું હોય છે. હાલના તબક્કે કાયદા તેમજ હકીકત આધારીત પ્રશ્નોનો આખરી નિકાલ કરવાનો નથી. પરંતુ જે ચર્ચા કરવામાં આવે તે ફક્ત પ્રથમ દ્રષ્ટિય કેસ પુરતી જ મર્યાદીત છે. આ ત્રણેય મુદ્દાઓ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલા હોય આ ત્રણે મુદ્દાઓ એકબીજા સાથે સંલગ્ન હોવાથી ચર્ચાનું પુનરાવર્તન ટાળવાના હેતુસર આ ત્રણે મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવે છે.

૯. આ કામે વાદીની મનાઇઅરજીની હકીકતો ઉપરોક્ત રજુ કરેલ છે તેથી તેનું પુનરાવર્તન ટાળવા અત્રે ફરીથી તેની લંબાણપુર્વકની ચર્ચા કરવામાં આવેલ નથી. પરંતુ સદર કામે હાલની મનાઇઅરજી કરીને હાલની કામચલાઉ મનાઇઅરજી કરીને વાદીએ દાવાનો આખરી નિર્ણય થતાં સુધી પ્રતિ.નં.૧ નાઓને કહેવાત વિલના આધારે મળેલ મિલકત અન્ય કોઇપણ ઇસમને વેચાણ, તબદીલ, ટ્રાન્સફર ગીરો બક્ષીસ કરે કરાવે નહી કે નામફેર મતલબના લખાણથી ત્રાહિત વ્યક્તિનું હિત ઉત્પન્ન કરે કરાવે નહી તેવો વાદીના લાભમાં અને પ્રતિ. નં.૧ ના વિરુધ્ધ દરમ્યાન મનાઇહુકમ ફરમાવવા, દાવાનો આખરી નિર્ણય થતાં સુધી પ્રતિ.નં.૧ અને અથવા પ્રતિ.નં.૧ ના પરિવારના સભ્યોના નામે બનેલ ફીક્સ ડીપાઝીટની રકમ પાકતી તારીખે કે પાકતી તારીખ પહેલા પ્રતિ.નં.૩ નાઓ પ્રતિ.નં.૧ નાઓને કે જેના નામે ફીક્સ ડીપોઝીટ છે તે ઇસમને ચુકવણુ કરે કરાવે નહી તેવો વાદીના લાભમાં અને પ્રતિ.નં.૩ વિરુધ્ધ કામચલાઉ મનાઇ હુકમ ફરમાવવાની દાદ માંગેલ છે.

**૧૦.** હવે સદર વચગાળાનો મનાઇ હુકમ, તેનો પ્રતિવાદીએ આપેલ જવાબ અને તમામ દસ્તાવેજી તથા મૌખિક પુરાવા ધ્યાને લઇ વચગાળાના મનાઇ હુકમ અંગેના કાનુની પાસાઓની જોવામાં આવે તો સદર વચગાળાના હુકમ મેળવવા માટેની અરજીમાં માત્ર ત્રણ જ મુદ્દા જોવાના હોય છે. **૧.** વાદીનો કેસ પ્રથદર્શનીય છે કે

કેમ.? **૨.** સગવગ અગવડની સમતુલા વાદીની તરફેણમાં છે કે કેમ ? અને **૩.** વાદીનો સદર વચગાળાનો હુકમ મંજુર કરવામાં ના આવે તો વાદીને નાણાથી ભરપાઇ ના થઇ શકે તેવું નુકસાન થાય છે કે કેમ ? વાદીએ આ સાથે તેની મનાઇ અરજી ના સમર્થનમાં નિ.૩/૧ થી ૩/૭ સુધી દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. જેમાં નિ ૩/૧ થી મોજે ગોલણના ખાતા નં.૪૪ ની ગામનમુના નં.૮–અ રજુ થયેલ છે જેમાં લલ્લુભાઇના વારસદારો છીતુભાઇ, મગનભાઇ,મોહનભાઇ તથા જગુભાઇના વારસદારો છોટુભાઇ, મણીબેન, બાલુભાઇ, સુરેશભાઇ તેમજ કેશવભાઇના વારસદારો સોમીબેન, અરૂણભાઇ, જગદીશભાઇ, મીનાબેનનાઓના નામ દાખલ થયેલ હોવાનુ જણાય આવે છે. નિ.૩/૨ થી બ્લોક સર્વે નં.૫૯૦/પૈકી ૧ ના ગામનમુના નં.૭ રજુ થયેલ છે. જેમાં પણ લલ્લુભાઇના વારસદારો છીતુભાઇ, મગનભાઇ,મોહનભાઇ તથા જગુભાઇના વારસદારો છોટુભાઇ, મણીબેન, બાલુભાઇ, સુરેશભાઇ તેમજ કેશવભાઇના વારસદારો સોમીબેન, અરૂણભાઇ, જગદીશભાઇ, મીનાબેનનાઓના નામ દાખલ થયેલ હોવાનુ જણાય આવે છે. નિ.૩/૩ થી વિલનામની ઝેરોક્ષ રજુ થયેલ છે જેમાં કેશવભાઇ અમાઇદાસ પટેલ અને સોમીબેન કેશવભાઇ પટેલનાઓએ પોતાની સ્વપાર્જિત મિલકતની વહેચણી પોતાના ત્રણ સંતાનોને કરેલ હોવાનું લખાણ જણાય આવે છે. જેમાં સ્પષ્ટ જણાવેલ છે કે, મોટો દિકરો, વહુ, પૌત્રો, પુત્રવધુ અમારી સેવા ચાકરી કરતા હોવાથી અમે ઉપર મુજબ ઘર જમીન મોટા દિકરાને આપેલ છે. નાનો દિકરો વહુ કે તેના પુત્ર–પુત્રીએ છેલ્લા કેટલાય વર્ષથી અમારી સેવા ચાકરી તો નથી કરી પણ સાજે માંદે ખબર પણ કાઢી નથી. એમણે અમને છેલ્લે ક્યારે બા બાપુજી કહીને બોલાવ્યા હશે તે યાદ નથી. માટે અમે અમારી મિલકતની આ મુજબ વહેચણ કરેલ છે. નાના દિકરા વહુએ અમારી સેવા કરવી કહેતા અમે સેવા કરતા નથી અમને તમારૂ કંઇ જોઇતુ નથી આવો જવાબ આપેલ છે. સદર મરહુમ કેશવભાઇ અમઇદાસના નાના દિકરા જે હાલના કામના વાદી હોવાનુ જણાય આવે છે. નિ.૩/૪ થી વાદીના ઘરની આકારણી રજુ થયેલ છે જેમાં ઘર નં.૪૪૩ સુગર ફેક્ટરી ફળિયા વાળી મિલકતમાં હાલના કામના વાદી જગદીશભાઇ કેશવભાઇ પટેલનાઓનું માલીક તરીકે નામ હોવાનુ જણાય આવે છે. નિ.૩/૫ થી મિલકત નં.૩૫૯ ના આકારણીપત્રક રજુ થયેલ છે જેમાં પણ હાલના કામના વાદીનું નામ હોવાનુ જણાય આવે છે. નિ.૩/૬ થી કેશવદાસ અમાઇદાસ

પટેલનાઓના મરણના પ્રમાણપત્ર રજુ થયેલ છે. તેમજ નિ.૩/૭ થી સોમીબેન કેશવભાઇ પટેલના મરણના પ્રમાણપત્ર રજુ થયેલ છે. આમ, સદર કામે વાદી તરફે રજુ થયેલ દસ્તાવજો ધ્યાને લેતા દાવાવાળી જમીન મોજે ગોલણની બ્લોક નં.૫૯૦/૧ ના રેવન્યુ રેકર્ડમાં લલ્લુભાઇ અમાઇદાસ પટેલ તથા જગુભાઇ અમાઇદાસ પટેલનાઓના વારસદારોના નામ મરહુમ કેશવભાઇ અમાઇદાસ પટેલનાઓના વારસદારો કે જેઓ હાલના કામના વાદી–પ્રતિવાદી નં.૧,૨ છે તેઓની સાથે દાખલ થયેલ હોવાનુ જણાય આવે છે. સદર હકીકત ધ્યાને લેતા સદર સદર બ્લોક નં.૫૯૦/પૈકી/૧ વાળી ખેતીની જમીન વાદી તથા પ્રતિવાદી નં.૧,૨ તથા અન્ય વારસદારો નાઓની સંયુક્ત માલીકી કબજા ભોગવટાની જમીન આવેલ હોય સદર કામે સિવિલ કાયદાના સિધ્ધાંત મુજબ કોઇપણ મિલકતના સંયુક્ત માલીકની વિરુધ્ધમાં અન્ય સંયુક્ત માલીકને કામચલાઉ મનાઇ હુકમ આપી શકાય નહી. ઉપરાંત સંયુક્ત માલીકી હક્કે ચાલી આવેલ સદર જમીન અન્ય કોઇ ત્રાહિત વ્યક્તિને પ્રતિવાદીઓ દ્વારા કાયદેસર વેચાણ કરી શકાય તેમ જણાય આવતુ નથી. ઉપરાંત સદર કામે વાદીએ પોતાની હાલની દરમ્યાન મનાઇઅરજીમાં જણાવેલ અન્ય દાદ પ્રતિવાદી નં.૩ બેંકની શાખામાં પ્રતિવાદી નં.૧ ના અને તેમના પરિવારના સભ્યોના નામે બનેલ ફીક્ષ ડીપોઝીટની રકમ પાકતી તારીખે કે પાકતી તારીખ પહેલા પ્રતિવાદી નં.૩ બેંકનાઓ પ્રતિવાદી નં.૧ નાઓને ચુકવણી કરે નહી તેવી દાદ માંગેલ છે. પરંતુ સદર કામે પ્રતીવાદી નં.૩ બેંક ઓફ બરોડા બુહારી શાખાનાઓ તરફે આંક–૧૪ થી રજુ થયેલ લેખિત જવાબ ધ્યના લેવામાં આવે તો પ્રતિવાદી નં.૩ રાષ્ટ્રીયકૃત બેંક છે અને રિઝર્વ બેંક ઓફ ઇન્ડીયાના રૂલ્સ અને રેગ્યુલેશન મુજબ કાર્ય કરતી સંસ્થા છે. અને સદર બેંક પોતાના ફરજના ભાગરૂપે કાર્ય કરે છે. સદર પ્રતિવાદી નં.૩ બેંક ઓફ બરોડા, બુહારી શાખાનાઓને કાયદેસર રીતે પોતાની ફરજ બજાવતા તેમજ કાયદેસર કાર્ય કરતા રોકવા માટે વાદીને કામચલાઉ મનાઇ હુકમ આપી શકાય તેમ નથી.

આમ, હાલના કામે દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડમાં હાલ વાદી તથા પ્રતિવાદીપક્ષના સંયુક્ત નામ અન્ય વારસદારો સાથે ચાલી આવેલ હોવાનુ જણાય આવતુ હોય પ્રતિવાદીપક્ષ સદર દાવાવાળી જમીન અન્ય વારસદારો તથા વાદીની સંમતિ વિના કોઇને વેચાણ કે ટ્રાન્સફર કરે કે રેવન્યુ રેકર્ડમાં ફેરફાર કરે કરાવે તેવી શક્યતા જણાય આવતી નથી તથા દિવાની કાયદાના સિધ્ધાંત મુજબ સંયુક્ત

માલીક કે સંયુક્ત ખાતેદાર વિરુધ્ધ કામચલાઉ મનાઇહુકમની દાદ મંજુર કરી શકાય નહી. તેમજ સદર કામે પ્રતિવાદી નં.૩ બેંક ઓફ બરોડા, બુહારી શાખાનાઓને પોતાની કાયદેસર ફરજ બજાવતા રોકવા માટે વાદીને હાલના કામે માંગ્યા મુજબનો કામચલાઉ મનાઇ હુકમ આપી શકાય તેમ નથી. આથી સદર કામે જો વાદીને માંગ્યા મુજબનો કામચલાઉ મનાઇહુકમ આપવામાં ના આવે તો વાદીને નાણામાં આકી શકાય નહી તેવું નુકસાન થાય તેમ હોવાનુ જણાય આવતુ નથી. સદર કામે સામાપક્ષે વાદીને માંગ્યા મુજબનો કામચલાઉ મનાઇહુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓ તથા અન્ય વારસદારોના નામ સદર દાવાવાળી જમીનમાં સંયુક્ત રીતે ચાલતા હોય પ્રતિવાદીઓને નાણામાં આંકી શકાય નહી તેવુ નુકસાન થતુ હોવાનુ જણાય આવે છે. આમ, સદર કામે વાદીનો પ્રથમદર્શનીય કેસ હોવાનુ જણાય આવતુ નથી. તેમજ સગવડ અગવડની સમતુલા પણ વાદી કરતા પ્રતિવાદીની તરફેણમાં વધુ હોવાનુ જણાય આવે છે. તેમજ વાદીને માંગ્યા મુજબનો કામચલાઉ મનાઇ હુકમ આપવામાં ના આવે તો સદર દાવાવાળી જમીન પરત્વેના વાદીઓના કાયદેસરના હક્ક હિતને નુકસાન થાય  તેમ હોવાનુ જણાય આવતુ ન હોય વાદીને નાણાથી આંકી શકાય નહી તેવુ નુકસાન થતુ હોવાનુ જણાય આવતુ નથી. તેમજ પ્રતિવાદી નં.૩ બેંક ઓફ બરોડાને પોતાની કાયદેસરની ફરજ બજાવતા રોકવા માટે કામચલાઉ મનાઇ હુકમની દાદ મંજુર થઇ શકે તેમ નથી.

આમ, સદર સંજોગોમાં હાલના કામે જો વાદીને માંગ્યા મુજબનો કામચલાઉ મનાઇ હુકમ આપવામાં આવે ના તો સદર દાવાવાળી જમીન પરત્વેના વાદીઓના હક્ક હિતને પારાવાર નુકસાન થતુ હોવાનુ જણાય આવતુ નથી. ઉપરાંત વાદીને સદર કામે માંગ્યા મુજબનો મનાઇહુકમ આપવામાં આવે તો પ્રતિવાદીને નુકસાન થતુ હોવાનુ જણાય આવે છે. આથી સદર કામે સગવડ–અગવડની સમતુલા પણ વાદી કરતા પ્રતિવાદીઓની તરફેણમાં વધારે જતી હોવાનુ જણાય આવે છે. તેમજ હાલના કામે વાદીનો પ્રથમદર્શનીય કેસ હોવાનુ જણાય આવતુ નથી.

આથી સદર તમામ હકીકતો ઘ્યાને લેતા હાલના કામે વાદીનો પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાય આવતુ નથી. આ ઉપરાંત વિવિધ ચુકાદાઓ જોઇએ તો, **૧. અદાણી એકસપોર્ટ વિ હિન્દુસ્તાન ઓર્ગેનિક કેમિકલ ૨૦૦૦.૦ જી.એલ.એચ.ઇ.એલ. ૨૦૦૧૫૮ ૨. અશ્વિન સોમાભાઇ પટેલ અને બીજાઓ વિ**

**મ્રુગેન્દ્રપ્રસાદજી અજેન્દ્રપ્રસાદજી અને બીજાઓ ૨૦૦૯.૩.જી.એલ,એચ.૧૩૮ અને ૩. બ્રિચ કેન્ડી સ્વિમિંગ બાથ ટ્રસ્ટ અને બીજા વિ. દિપેશ મહેતા અને બીજા એ.આઇ.આર. ૨૦૧૬. એન.ઓ.સી. ૧૬૭. બોમ્બે.** ઉપરોક્ત ત્રણે ચુકાદામાં ઠરાવામાં આવ્યુ છે કે વચગાળાનો મનાઇહુકમ આપતી વખતે પ્રથમદર્શનીય કેસ સ્થાપિત કરવો જોઇએ છે. કેસના બધા જ પરિબળોને ધ્યાન પર લેવા જરૂરી નથી. એટલે સદર ચુકાદા મુજબ વાદીએ પોતાનો પ્રથમદર્શનીય કેસ પુરવાર કરવો જ પડે. **૧૯૮૬(૧) જી.એલ.આર.૨૯૭ છત્રસિંહ માનસિંહ મહીડા વિ. ઇન્દ્રવદન રતીલાલ પટેલ** ના કેસમાં ઠરાવેલ છે કે, પક્ષકારનો પ્રથમદર્શનીય કેસ હોવા છતાં જો તેનો દાવો ટકવાપાત્ર ન હોય તો વચગાળાનો મનાઇહુકમ આપી શકાય નહી. **એ.આઇ.આર.૧૯૭૧ હિમાચલ પ્રદેશ ૨૯** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, પક્ષકાર વચગાળાની મનાઇઅરજીમાં તેનુ ટાઇટલ દર્શાવવામાં નિષ્ફળ જતો હોય તો તેનો પ્રથમદર્શનીય કેસ નથી તથા તેને નાણામાં ન ભરપાઇ થાય તેવુ નુકસાન થવાની સંભાવના નથી. **એ.આઇ.આર. ૨૦૧૩ એસ.સી. ૧૦૯૯ મોહંમદ મહેતાબખાન અને બીજા વિ. ખુશનુમા ઇબ્રાહીમ અને બીજા** ના કેસમાં ઠરાવેલ છે કે, કોર્ટને ખુબ જ માત્રામાં સંતોષ થાય તો યોગ્ય કેસમાં વચગાળાનો મેન્ડેટરી હુકમ આપી શકે છે. જ્યારે હાલ ના કામે વાદીનો પ્રથમદર્શનીય કેસ જણાય આવતો ન હોય વાદીએ હાલના કામે માંગ્યા મુજબનો કામચલાઉ મનાઇહુકમ આપવામાં ન આવે તો વાદીઓને નાણામાં આંકી ના શકાય તેવુ નુકસાન થતુ હોવાનુ જણાય આવતુ નથી. જ્યારે સદર કામે વાદી એ માંગ્યા મુજબનો કામચલાઉ મનાઇહુકમ આપવામાં આવે તો પ્રતિવાદીઓના સદર જમીન પરત્વેના હક્ક હિતને નુકસાન થતુ હોવાનુ જણાય આવે છે. જ્યારે સામે પક્ષે વાદીને તેમના માંગ્યા મુજબનો કામચલાઉ મનાઇહુકમ આપવામાં આવે ન આવે તો વાદીને કોઇ નુકસાન થતુ હોવાનુ જણાય આવતુ નથી. આમ, સદર કામે પ્રતિવાદીઓને વાદી કરતા વધુ નુકસાન થતુ હોવાનુ જણાય આવે છે. આમ, બેલેન્સ ઓફ કન્વીન્યન્સ પણ વાદી કરતા પ્રતિવાદીઓ ની તરફેણમાં વધારે હોવાનુ જણાય આવે છ

હાલની અરજીના તબક્કે માત્ર અને માત્ર પ્રથમદર્શનીય કેસ, સગવડ અગવડની સમતુલા તથા નાણામાં આંકી શકાય નહી તેવું નુકસાન એ ત્રણ મુદ્દા જ ધ્યાનમાં રાખવાના હોય છે. સદર કામે વાદીને દાવાવાળી જમીનનો સંયુક્ત કબજો

ભોગવટો અને માલીકી હક્ક હોવાનુ સદર કામે રજુ થયેલ તમામ દસ્તાવેજો તથા પક્ષકારોના પ્લીડીંગ્સ ઉપરથી જણાય આવે છે.

હાલના કેસમાં વાદી પોતાની કામચલાઉ મનાઇઅરજીમાં પોતાનો કેસ પ્રથમદર્શનીય રીતે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. તેમજ સદર કામે વાદીને માંગ્યા મુજબનો કામચલાઉ મનાઇહુકમ  આપવામાં ન આવે તો કોઇ નાણામાં આંકી ન શકાય તેવુ નુકસાન વાદીને થતુ હોવાનુ રેકર્ડ ઉપરની હકીકતો તેમજ દસ્તાવેજો ઉપરથી જણાય આવતુ નથી. ઉપરાંત હાલના કામે સગવડ અગવડની સમતુલા પણ પ્રતિવાદીઓની તરફેણમાં હોવાનુ જણાય આવે છે. વધુમાં Kashi Math Samsthan Vs Shrimad Sudhindra Thirtha Swamy  ના કેસમાં સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, It is well settled that in order to obtain an order of injunction, the party who seeks for grant of such injunction has to prove that he has made out a prima facie case to go for trial, the balance of convenience is also in his favour and he will suffer irreparable loss and injury if injunction is not granted. But it is equally well settled that when a party fails to prove prima facie case to go for trial, question of considering the balance of convenience or irreparable loss and injury to the party concerned would not be material at all, that is to say, if that party fails to prove prima facie case to go for trial, it is not open to the court to grant injunction in his favour even if, he has made out a case of balance of convenience in his favour and would suffer irreparable loss and injury if no injunction order is granted.

નામદાર સુપ્રિમ કોર્ટે Kishore Samrite Vs State Of Uttar Pradesh And Others (2013) 2 SCC 398  ના કેસમાં ઠરાવેલ છે કે, The obligation to approach the court with clean hands is an absolute obligation and has repeatedly been reiterated by this court. નામદાર સુપ્રિમ કોર્ટે Tilokchand H.B. Motichand; A. Shanmugam Vs Ariya Kshatriya Rajakula Vamsathu Madalaya Nandhavana Paripalanai Sangam  ના કેસમાં ઠરાવેલ છે કે, Person seeking equity must do equity. It is not just

the clean hands, but also clean mind, clean Hear and clean objective that are the equi..fundamentals of judicious litigation

આમ, ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ હકીકતો તથા કામચલાઉ મનાઇઅરજી સંદર્ભેના વિવિધ ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ સદર કામે વાદી તેમનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. સગવડતા અગવડતાનું પલ્લુ પણ પ્રતિવાદીઓની તરફેણમાં વધારે જાય છે. વાદીની વચગાળાની મનાઇ અરજી મંજુર કરવામાં ના આવે તો વાદીઓને નાણામાં ભરપાઇ ના થઇ શકે તેવુ નુકસાન થાય તેમ નથી. વાદી પ્રથમદર્શનીય કેસ, બેલેન્સ ઓફ કન્વીન્યન્સ તથા નાણાંમાં આંકી ન શકાય તેવુ નુકસાન એમ ત્રણેય મુદ્દાઓ પોતાની તરફેણમાં પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. આમ, ત્રણે મુદ્દાઓ વાદીએ પોતાના પક્ષમાં પુરવાર કરેલ નહી હોવાથી મુદ્દા નં : ૧ થી ૩ નકારમાં ઠરાવી વાદીની હાલની આંક–૦૫ ની કામચલાઉ મનાઇઅરજી હેઠળ ન્યાયના હીતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

વાદીની આંક–૦૫ વાળી કામચલાઉ મનાઇ અરજી આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે. મનાઇ અરજીનો ખર્ચ દાવાના આખરી નિર્ણયને અનુસરશે.

હુકમ આજ તારીખ ૦૫ માહે સપ્ટેમ્બર સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૫/૦૯/૨૦૨૪
સ્થળ : વાલોડ

(રાહુલ સતીશભાઇ સિંગલ)
પ્રિન્સીપાલ સિવિલજજ,વાલોડ
કોડ નંબર : GJ01410